3/3117

T


ક્ર.નં 65

# રામબાણ યુદ્ધ ગીતો

(દારૂતાડી તથા લડતનાં ગીતો-ભજનો)

IMPERIAL RECORD DEPT.
RECEIVED
29 OCT. 1930

3117




બે પૈસા

તમે વાંચ્યું?

# બંગાળાનો બળવો

બંગાળાના મરણીયા જુવાનોનાં અદ્‌ભુત
સાહસોની રસિક કથા

ગાંડીવ) ૧-૮-૦ (ગાંડીવ

ઈ૦ સ૦ ૧૯૩૦ બીજી આવૃત્તિ:

સુરત ફેળાંપીઠમાં આવેલા ગાંડીવ મુદ્રણાલયમાં રા૦ નટવરલાલ
ઇ. વીમાવાળાએ છાપી અને પ્રગટ કરી.

પ્રત ૧૦૦૦૦

સંવત ૧૯૮૬

NATIONAL ARCHIVES LIBRARY
No. 3117
Date 28.3.72
GOVT. OF INDIA

જરૂર વસાવો

| | |
|---|---|
| ગોરખધુમનું ભંભાળા ૧-૨ | ૨॥ |
| પંજાબનું ખંડ કાસ્તરૂં | ૧॥ |
| [illegible] | ૧॥ |
| હાય આઝાદ! | ૧) |
| નિહિલિસ્ટોના પંજામાં | ०॥। |

ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત.

# રામબાણ યુદ્ધ ગીતો

## બાપુનો સંઘ

મારા બાપુનો સંઘ, મારા બાપુનો સંઘ
ચાલ્યો સ્વરાજ ઘેર આણવા;
અમે માંડયો છે જંગ, અમે માંડયો છે જંગ,
શાંતિના રસરંગ માણવા. મારા૦
બોલ દરિયાની રાણી, બોલ દરિયાની રાણી,
સ્વરાજ કયાં સંતાડિયું ?
સાંભળ સાંભળ હિંદવાણી, સાંભળ સાંભળ હિંદવાણી,
દરિયામાં રાજ તારૂં નાખિયું. મારા૦
ડોળ્યાં દરિયાનાં નીર, ડોળ્યાં દરિયાનાં નીર,
ડોળી ડોળી અમે થાકિયાં;
બાપુ આપે લગીર, બાપુ આપે લગીર,
સ્વરાજના સ્વાદ ચાખિયા. મારા૦
ચાલો ચાલો ત્રીસ ક્રોડ, ચાલો ચાલો ત્રીસ ક્રોડ
મીઠો સ્વરાજ રસ ચાખવા;
ચાલો હિંદુમુસલમાન, ચાલો હિંદુમુસલમાન,
મીઠું તમારૂં બતાવવા, મારા૦

## જય સરદાર ! જય સરદાર !

કોની હાકે મડદાં ઉઠ્યાં ?
કાયર કેસરી થઈ તડૂક્યા,
કોની ધાકે કપટી જૂઠા,
ચાંડાળોનાં ગાત્રો છૂટ્યાં ?
ખેડુતોનો તારણહાર,
જય સરદાર, જય સરદાર.

તોપબાજીને તાપે તપાવ્યો,
જુલ્મીને કલમે કાપ્યો,
છળકપટીને બુદ્ધે છેદ્યો,
કોણ હશે શૂરે અણભેદ્યો ?
ખેડુતોનો તારણહાર,
જય સરદાર, જય સરદાર.

અજાણ્યાંનાં કાળજ ફૂલ્યાં,
કીધાં કોણે સાવજ શૂરાં,
ખાડીમાં પેઠેલાં પૂરાં,
કોણે તગડ્યાં કોઠા ગધેડાં ?
ખેડુતોનો તારણહાર,
જય સરદાર, જય સરદાર.

ભારતની મુક્તિને કાજે,
સિંહ સમો ગુજરાતે ગાજે,

તાજ વિનાનો રાજા રાજે,
કોણ હશે જન વલ્લભ આજે ?

ખેડુતોનો તારણહાર,
જય સરદાર, જય સરદાર.

માટીમાંથી મર્દ બનાવી,
સઘળી સત્તાને થંભાવી,
ગુજરાતીને જોમ અપાવી,
આજે જેણે જેલ વસાવી,

ખેડુતોનો તારણહાર,
જય સરદાર, જય સરદાર.

ઉઠો ઉઠો ગર્જો સંધા,
દેશ તણા થઇ બહાદુર જોદ્ધા,
ફગવી દો ગુલામી ફંદા,
ફરકાવો સત્યાગ્રહ ઝંડા !

ખેડુતોનો તારણહાર,
જય સરદાર જય સરદાર.

---

## કદી નથી હારવું

કદી નથી હારવું, હવે નથી હારવું—ટેક.
ભલે જાન માલ જાય—કદી૦

કેદ આવે, ફાંસી આવે,
તોપ ને તલવાર આવે,
બોમ્બ ને બંદૂક આવે;—તોયે નથી૦
જીવીને સ્વરાજ લેશું,
મરશું તો મુક્તિને વરશું.
ગુલામી ના વેઠશું—કદી૦
જૂઠા સામે સાચ ખેલે,
દાનવ સામે દેવ ખેલે,
એવો આ સંગ્રામ ખેલો—કદી૦
ઇશ્વરની આશિષ વરસે,
ભલે ના હથિયાર પાસે,
નાક્કી હવે જીત થાશે—કદી૦

---

## શુરવીર આવજો !

શુરવીર આવજો રે હો રણમાં
ઉત્સાહ ચેતન ભરજો તનમાં.
ગજ ગજ કુદજો રે હો કોડે,
બલિદાન દેજો જાતનાં જોરે.—શુરવીર૦
કરજો કેસરિયાં હો હરખે,
પ્રભુ છે ઉભા પોતે પડખે—શુરવીર૦
કાયર ભાગજો રે હો વનમાં,
ભય જો લાગે મોતનો મનમાં.—શુરવીર૦

અવસર આવ્યો રે હો તરવા
નિશ્ચય કરજો જીતવા કે મરવા.—શૂરવીર૦
ઝૂંડો સતનો હો ફરકાવો,
શાંતિ પાળો, સ્વરાજ ઘેર લાવો.—શૂરવીર૦
ડંકો વાગ્યો રે હો વ્હાલા,
યુવક ધાજો રણ મતવાલા.—શૂરવીર૦

---

## મારૂં વતન

મારૂં વતન આ મારૂં વતન
વ્હાલું વ્હાલું મને મારૂં વ્હાલું વતન
જેની માટીની મારી કાયા ઘડેલી,
તેને કરૂં હું કોટિ કોટિ નમન.—વ્હાલું
રાણા પ્રતાપ ને શિવજી શૂરવીર,
મારા વતનમાં મોઘાં રતન.—વ્હાલું
બાલ અને લાલ વળી દાદા ને દાસજી,
જેને સમર્પ્યું છે સારૂં જીવન.—વ્હાલું
ગાંધી બાપુને હૈયે વસ્યું જે,
સંસાર સાર ને જીવન ધન.—વ્હાલું
વ્હાલા વતનની બેડીને તોડવા,
હોંસે ધરૂં હું તન મન ધન.—વ્હાલું

---

## સતનો સંગ્રામ

સતનો માંડ્યો છે સંગ્રામ, પ્યારી માતૃભુમિને કાજે;
ઝીલ્યાં કેસરિયાં આ વારઃ —પ્યારી૦
અમને મળ્યા શૂરા સરદાર, જેણે કંપાવી સરકાર;
લડવા થયા અમે તૈયારઃ —પ્યારી૦
અમને થયું ખરેખર ભાન, દીલમાં ફેલાયું છે તાન;
કરશું કાયાને કુરબાનઃ —પ્યારી૦
સાચો કર્યો અમે પડકાર, હઠશે પરદેશી સરકાર;
લડશું સર્વે હારોહારઃ —પ્યારી
માથું ને ધડ જૂદાં થાય, તોપણ ડગશું નહિ તલભાર;
સલાહનું છે હથિયારઃ —પ્યારી૦
આખી પ્રજા બની છે એક, ખિરને માટે લીધી ટેક;
ભારતની સાચી છે નેકઃ —પ્યારી૦

——o——

## શૂર સંગ્રામ

શૂર સંગ્રામકો દેખે ભાગે નહીં
દેખ ભાગે સોઇ શૂર નાહીં;
કામ ઔ ક્રોધ મદ લોભ એ જૂઝના
મેંડા ધમસાન તહેં ખેતમાંહીં;
શીલ ઔ સૌચ સંતોષ સાહી ભયે,
નામ સમસેર તહેં ખૂબ બાજે;

કહે કબીર કોઇ જૂઝિહૈ શૂરમા,
કાયરાં ભીડ તહેં તુરત ભાજે;

---

## શૂરા જીતે સંગ્રામ

શૂરા જીતે સંગ્રામ—માથાં મેલી
માથું આપે નાક ન આપે,
એ શૂરાનાં કામ—માથાં૦
લડવા ટાણે શૌર્ય બતાવે,
તુચ્છ ગણે ધનધામ—માથાં૦
ટેક નિભાવે નામ ઉજાળે,
કાયા કરે કુરબાન—માથાં૦
ડરવાનું તો નામ ન જાણે
છાતીએ ઝીલે બાણ—માથાં૦
જુલ્મીના જુલ્મોને છેદે,
ન્યાય કાજે લડનાર—માથાં૦
સત્યના કાજે લડનારાનું,
મૃત્યુ અમર ગણાય—માથાં૦

---

## નહિ હટશે રે નહિ હટશે

નહિ હટશે રે નહિ હટશે,
બહાદુર પાછા નહિ હટશે,

લડશે લડશે સમરાંગણમાં,
છોને ફના થવાય—પાછા૦
કુરબાની કરતાં નહિ થાકે,
ઘૂમે રણ મેદાન—પાછા૦
જુલ્મધંટીમાં છોને પીલે
સેતાની સરકાર—પાછા૦
જુલ્મોથી રોળાયાં જગમાં,
લાખો જુલ્મી રાજ—પાછા૦
રણે ચઢેલા સત્યાગ્રહીઓ,
નમાવશે સરકાર—પાછા૦

---

## પરદેશી તું પાછો જા

કોણે મારી વાડી વીખી ! કોણે મીઠાં ખાધાં બોર !
જાડોને ઉખેડી નાંખ્યા, કેવી રીતે પેઠો ચોર
જ્યાંથી આવ્યો ત્યાં તું જા:
પરદેશી તું પાછો જા:
ખીલેલી વાડોને તોડી: ફળ આરોગ્યાં અપરંપાર:
અમૃતમાં ઝેરી બી વાવી: વર્તાવ્યો શો હાહાકાર
તું તારું પરવારી જા:
પરદેશી તું પાછો જા:
ધોળે દહાડે લૂંટી ભૂમિ: લૂંટી લીધા ધન ભંડાર:
બ્હેનો ને માળીઆં લૂંટયા: કયાંનો કહેવાયો સરકાર

શોક્ષ્ય તારી લેતો જા:
પરદેશી તું પાછો જા:

કોણે બોલાવ્યો ? શા કાજે ? કોણે નીમ્યો છે રખવાળ !
છેટો છેટો મુલક તારો, જાને તારું ઘર સંભાળ:

તું તુજ રૈયતનો રાજા:
પરદેશી તું પાછો જા:

ભારત તો તેત્રીસ કોટિનો, ખેલે જેનાં સાવજ બાળ:
હુંકારે ગર્જે ત્યાં જાગે, આજે તારો કાળ કરાળ:

મુઠી વાળી નાસી જા:
પરદેશી તું પાછો જા:

પાછો જા, તું પાછો જા: પરદેશી તું પાછો જા:

(કુમારબંધી)

---

## ભારત વીર !

૧

સલ્તનતે ગોરમ્બો બાંધ્યો,

ઘોર મહાસંગ્રામ રચાયો, કાટ વડે કાતિલ હથિયાર;
કાનુન—થોથાં આરે ગોથાં, ને ખુલ્લો ખેલે વ્યભિચાર !

જો રણધીર ભારતવીર !

૨

સમરાંગણને સૂનાં કરવા,
દાવાનળ જ્યાં દોડે હણવા, એક ખુટે ત્યાં છૂટે બાર,
આતમબળ જાગે અરિ ભાગે, ખંડિત થાતી ખાંડાધાર
જો રણધીર ભારતવીર !

૩

સબુર ! શૂરા સૈનિક વિજેતા:
હાવે તું જ થવાનો નેતા, હોમાતાં યજ્ઞ સરદાર;
કાયર થઈને હિંસક હૈયે, રખે જંગમાં પામે હાર !
ઓ રણધીર, ભારતવીર !

૪

ભારતબન્દા તેત્રીસ કોટિ !
ભારતકુળની આજ કસોટી: અગ્નિશુદ્ધ હો કુન્દનતાર:
કાપે, કીપે, બાળે તપાવે, ભભૂકતી ભઠ્ઠી મોઝાર:
હો રણધીર, ભારતવીર !

૫

મર-જીવા જે દેશદુલારા.
એક જ વાર મરી જીવનારા: જીવન્ત મુડદાંનો શો સાર !
જીવવું છે, તો જનની કાજે: મરવું, તો બસ મુક્તિ માટ:
ભારતવીર, દાખવ હીર.

( કેશવ હ. શેઠ )

## સ્વતંત્રતાના સૈનાનીને !

ડંકો બજ્યો ત્રિખંડમાં, હમદર્દથી હુશિયાર થા:
હાકલ પડી ભર હિન્દમાં, તે ઝીલવા તૈયાર થા;
—ડંકો.

પ્રકટી પ્રલયની જ્વાળ તે—
આહુતિ ઝંખે ભારતી;
હોમાઇ ચેતનને ચિરાગે, યજ્ઞનો અંગાર થા:
—ડંકો.

સચ્ચાઇનો સિપાઇ થા,
ને દેવની દુવાઇ થા;
નિજ રાષ્ટ્રના રણમોરચે મૃત્યુંજયી મરનાર થા:
—ડંકો.

જ્યાં હિમ્મતે વીરમર્દ, ત્યાં
શિરદંડનાં યે દર્દ શાં ?
મ્હેસૂલ મૃત્યુનું ભરીને મુક્તિનો વરનાર થા:
—ડંકો.

ભડ ભીષ્મ ને બજરંગની,
જે ભોમ કેસરિયાં—ભીની;
પી સોમરસ એ ભોમનો, સરકારનો સરદાર થા:
—ડંકો.

—કેશવ હ. શેઠ

## ટોપીવાળાને શીદ મોકલ્યો

રઘુવીર ટોપીવાળાને શીદ મોકલ્યો;
હાંરે તારા રજપુત બાપા ભાગી ગયા,
હાંરે એનાં ખાંડાં તણાતાં જાયરે–રઘુવીર.

હાંરે તારા વાણીયા વેપારી ભાગી ગયા,
હાંરે એનાં લેખાં તણાતાં જાયરે–રઘુવીર.

હાંરે ઢેડુ વણકરીયા ભાગી ગયા,
હાંરે એની સાળો તણાતી જાયરે–રઘુવીર.

હાંરે તારો કણબી લાખેણો ભાગી ગયો,
હાંરે એની ધુંસરી તણાતી જાયરે–રઘુવીર.

તારા બ્રાહ્મણ જોશીડા ભાગી ગયા,
હાંરે એનાં ટીપણાં તણાતાં જાયરે–રઘુવીર.

---

## અંતનાં નગારાં

તારાં વાગે નગારાં હવે અંતનાં રે!
હજી ચેતી લે ઓ સરકાર!
તારી સત્તાનાં ઉખડે મૂળીઅ રે.–તારાં વાગે૦

તારી તોપોમાં ઉગશે ઝાડવાં રે,
તારા દારૂની થાશે ખાક,–તારાં વાગે૦

તારી જેલોથી કોઇ ડરતું નથી રે,
તારી ધમકીનાં ભાગ્યાં ભુત,–તારાં વાગે૦

તારી ગોળી તો ફુલ ગણી ઝીલશું રે,
    અમ માથે છે રામ રખેવાળ,—તારાં વાગે૦
તારાં પાપો પૂરવનાં પેદા થયાં રે,
    તેને ભારે ડુબે 'તારૂં' નાવ,—તારાં વાગે૦
શાપ લાગે છે ત્રીસ કોટિ જીવના રે,
    તેને તાપે બળે તારાં હાડ,—તારાં વાગે૦
જલીઆંવાલાનાં લોહી ધગી ઉઠશે રે,
    ધગે સાધુ જતીનના શાપ,—તારાં વાગે૦
સ્વર્ગમાંથી શહીદ બોલી ઉઠશે રે,
    ઉઠે શાપોના ઝીણી પોકાર,—તારાં વાગે૦

નર્મદાશંકર પંડ્યા

## કોઇની લાજ

લુણ લૂંટયે હવે કોઇની લાજ
    જતાં નથી જાણી રે;
જેને હૈયે સ્વદેશની દાઝ
    વદે સંત વાણી રે.
લુણ લૂંટે જોને મહા સંત
    જગતગુરૂ ગાંધી રે;
તેના પુત્રે વાળ્યો દાટ
    ગાડું લુણ બાંધી રે.

ઠેકઠેકાણે લુણની લૂંટ
કરી સહુ લોકે રે,
હવે ઘેર બેસી સરકાર
રૂવે છે પોકે રે;
એણે પકડયા શ્રી દરબાર
તલાટી ઝડપ્યા રે;
રવિશંકર, છોટાલાલ;
કોઠારી દંડયા રે,
એણે ઉપાડયા શ્રી બજાજ
ફુલચંદભાઇ પૂર્યા રે;
તોયે લોકો ન ડર્યા લગાર
લેવા લુણ ઉડયા રે,
આવો લુણ લૂંટવાનો લાવો
લવણુ સહુ લૂંટો રે;
લુણ લૂંટયે તૂટે સરકાર
લેવા લુણ છૂટો રે,

---

## આવો રે હરિજન

આવો રે હરિજન ભજન કરીએ,
ઘરમાં બેસી ના રહીએ.

ભજન કરીએ ને ભવજળ તરીએ,
ઘરમાં બેસી ના રહીએ. આવો રે૦

સાંજ પડે ને ભજનમાં જઇએ,
સામે મળે તેને સાથે રે લઇએ;
ભેગા મળીને રામ નામ લઇએ. ઘરમાં૦

ઘરકૂકડા તો ઘરમાં બોલે,
કૂડી જન તો કેફમાં ડોલે;
નરકે પડે તેને શું કરીએ? ઘરમાં૦

ઘરનો ધંધો કરતા જઇએ,
રામરસ મીઠડો પીતા જઇએ;
પ્રીતે પ્રભુને પાયે પડીએ. ઘરમાં૦

---

## અભયગીત

અમે ડરતા નથી હવે કોઇથી રે,
સદા ભજીએ ભલા ભગવાન. અમે૦

બીક રાખે મનુષ્યો બાયલા રે,
અમે બહાદુર ને બળવાન. અમે૦

બીક રાખે હરામી આળસુ રે,
હાથ પગમાં અમારૂં તાન. અમે૦

માર ખાશું નહિ અમે કોઈનો રે,
　　નહિ વેઠી લેશું અપમાન. અમે૦

છેતરાશું નહિ અમે કોઈથી રે,
　　રૂડી વિદ્યાથી આવશે ભાન. અમે૦

બાપુ ગાંધીના બોલ અમે પાળશું રે,
　　નથી રહેવું હવે હેવાન. અમે૦

ફુલચંદ કસ્તુરચંદ શાહ

## ગાંધીનું શરણુ

ગાંધીને શરણે આવો રે, અવસર છે છેલ્લો.
તેના તે ગુણ તમે ગાઓ રે, અવસર છે છેલ્લો.

　　દારૂને છોડી,
　　તાડીને છોડી,
રેંટિયો પકડી લેજો રે, અવસર છે છેલ્લો.

　　માંસને છોડી,
　　મચ્છીને છોડી,
સૂતરનો તાંતણો લેજો રે, અવસર છે છેલ્લો.

　　ડાકણને છોડી,
　　ભૂતડાંને છોડી,
રામજીને માની લેજો રે, અવસર છે છેલ્લો.

પરદેશી છોડી,
વિલાયતી છોડી,
ખાદીને હેત ધરી લેજો રે, અવસર છે છેલ્લો.

---

## દારૂ તું છોડી દેને રે!

દારૂએ ઉંધું માર્યું દારૂડીઆ,
દારૂ તું છોડી દેને રે!
તાડી તું છોડી દેને રે! દારૂએ૦

જમીન જમીન વેચી ખાધી, (૨)
ખાતું તો વ્યાજમાંહી ડૂલ્યું દારૂડીઆ! દારૂએ૦

હળ બળ વેચી ખાધાં, (૨)
બળદ તો વ્યાજમાંહી ડૂલ્યા દારૂડીઆ! દારૂએ૦

ગાલીમાલી વેચી ખાધી (૨)
ઘુંસરી તો વ્યાજમાં ડૂલી દારૂડીઆ! દારૂએ૦

છાપરી આપરી વેચી ખાધી (૨)
પોયરાં તો વ્યાજમાં ડૂલ્યાં દારૂડીઆ! દારૂએ૦

પોલીસે વેડમાં પકડયો દારૂડીઆ!
પૈહામાં તો ટપલા મળ્યા, (૨)
વ્યાજમાં તો ભૂંડી ગાળો દારૂડીઆ! દારૂએ૦

કલાલની ચાકરીમાં ચાલ્યો દારૂડીઆ!
ધણી મટી ઢોર બન્યો, (૨)
દારૂએ ધાણુ તો વાળ્યો દારૂડીઆ દારૂએ૦

## લોહી ચૂસે

લોહી ચૂસે દિનરાત—દારૂ તાડી! લોહી૦
ભ્રષ્ટ કરે છે સઘળી નીતિ,
અધમ બનાવે જાત—દારૂ તાડી! લોહી૦
ભાન ભૂલાવે માર મરાવે,
તોડી પડાવે દાંત—દારૂ તાડી! લોહી૦
કેફ ચઢાવે ને ભટકાવે,
ખવડાવે છે લાત—દારૂ તાડી! લોહી૦
નાણું લૂંટાવે, દેવું કરાવે,
દારૂડીઆ નીજ જાત—દારૂ તાડી! લોહી૦
ખેતર વાડી સર્વ વેચાવે,
ગંદી શીખાવે વાત—દારૂ તાડી! લોહી૦
બાપુ ગાંધીજી શિક્ષણ આપે,
દારૂ તજી દો ભ્રાત—દારૂ તાડી! લોહી૦

ફુલચંદ કસ્તુરચંદ શાહ

---

## ગાંધી મહાત્મા

અસુખ જીવમાં વાધ્યું ઘણું ને,
રોગે તે દેશને ઘેરીઓ રે;
દેશ દેશના બહુ વૈદો તેડાવીઆ,
તેમ તેમ રોગ બહુ વાધીએ રે. અસુખ૦

પીડા તે પારખીને ગાંધીજી ધાયા,
મરી મસાલો આપીઓ રે;
જેમ જેમ આપીઓ તેમ તેમ માંગીઓ,
આખો હિંદ તો જાગીઓ રે. અસુખ૦

રાનીપરજમાં ગાંધી મસાલો
ઘણા જનોએ ચાખીઓ રે;
ચાખીઓ ચાખીઓ એટલો તો ચાખીઓ,
આખા ડીલ પર નાંખીઓ રે. અસુખ૦

તેજાનો ઘણો ગુણકારી એ તો,
રોગીના રોગને હાંકીઓ રે;
નિરોગી થઇને સઘળા રે બચીઆ,
પગમાં નવું જોર આવીઉં રે. અસુખ૦

સર્વે ભાઇઓ ગાંધી મસાલો,
ગજવે ઘાલી રાખજો રે.
શાકમાં નાંખજો, પાકમાં નાંખજો,
એમ:ને એમ તમે ફાકજો રે. અસુખ૦

---

## છાકટાને બોધ

ભાગો ભાગો દારૂના ભૂંડા નામથી રે,
દારૂ તાડી છે દુષ્ટ શેતાન.. ભાગો૦
એક દહાડો પીશે તે છાકટા રે,
રોજ પીનારા ભૂંડે હાલ. ભાગો૦

ભાન ભુલી બકે છે છાકટા રે,
જીંદગી નકામી જાય. બાગો૦
વણમોતે મરે છે છાકટા રે,
છાકટાને ધિક્કારે લોક. બાગો૦
છાકટા તો ગુમાવે આબરૂ રે,
કોઇ ધીરે નહિ પાઇ ચાર. બાગો૦
છાકટાનું મોઢું ગંધાય છે રે,
દુરાચારી ને રોગનું ધામ. બાગો૦
બાપુ ગાંધીજી હિંદમાં હીરલા રે,
કહે દારૂ તજો નરનાર. બાગો૦

ફુલચંદ કસ્તુરચંદ શાહ

---

## દારૂની સોબત નહિ કરીએ

નહિ કરીએ, રે નહિ કરીએ, દારૂની સોબત નહિ કરીએ.

દારૂ છે દુનિયાનો વેરી,
કરડે છે સાપ થઇ ઝેરી,
આત્માને હણનારો વેરી, દારૂની૦

દારૂડીઆ ભાન બધું ભુલે,
ખેતર પાદર ને ઘર ડુલે,
કેફીની આંખ નહીં ખુલે. દારૂની૦

દારૂડીઆ રઝળે રસ્તુવગડે,
સૌ સાથે રાતદિવસ ઝઘડે,
વણ મોતે મરે બાજી બગડે, દારૂની૦

નહિ સમજે દીકરી કે માતા,
ફુઈનાં નેણ રહે રાતાં,
હડસેલા મારે નિજ ભ્રાતા. દારૂની૦

ગાંધીજી તો મદદે આવે,
દારૂડીઆને બહુ સમજાવે,
દારૂથી દુઃખ ઘણાં આવે. દારૂની૦

ફુલચંદ કસ્તુરચંદ શાહ

---

## છોકરાને

ધિક્ક પડ્યો અવતાર, છોકરા! ધિક્ક પડ્યો અવતાર

દારૂતાડીને ઢીંચી ઢીંચીને ખાલી કર્યાં ભંડાર. છોકરા૦
દારૂતાડીની આદત બુરીથી વેચ્યાં ઘર ને બાર. છોકરા૦
હતી ઇજ્જત તે પાણીમાં બોળી હવે ન રહી પાઇ બાર. છોકરા૦
પાછું મીઠું કોઇ નહિ ધીરે, હતી હિંમત હજાર. છોકરા૦
તું હજારનો ન્યાય ચૂકવતો, આજે બન્યો ગુન્હેગાર. છોકરા૦
રાનીપરજમાં સહુ કોઇ જાગ્યા, જાગ્યા હતા જે ગમાર. છોકરા૦
જાગ્યું જગત આંખ ફાડા જો, મુરખા શું કહેવું વારવાર. છોકરા૦
દારૂતાડી તું છોડ છોડ જીવડા, નહિ તો જશે જમદ્વાર. છોકરા૦

સમજ સમજ શું હજી સમજ કંઇ, પછી પસ્તાશે ગમાર. છાકટા૦
બાપુ ગાંધી ને શૂરા વલ્લભભાઇ, દેશે આશિષ હજાર. છાકટા૦

ભજનિક ઉમેદરામ

---

## પીઠાનું પારણું

પીઠાનું પારણું જુઓ મારા ભાઇ,
ડાહ્યા નર ફરે દિવાના થઇ.
બેચાર ભાઇબંધ ટોળે મળીને
ગયા પીઠાની મહીં
કલાલ કહે તમે ક્યારે ગયા'તા
આવોને મારા ભાઇ. પીઠાનું૦
એક પ્યાલી ને બીજી પ્યાલીએ
અમમની વાતો થઇ,
ત્રીજી પ્યાલીએ ને ચોથી પ્યાલીએ
પડ્યા ગટરની માંહી પીઠાનું૦
દારૂની ઘેનમાં લવતાં લવતાં
મારંમારા થઇ,
પોલીસવાળાની નજરે પડ્યા ત્યારે
લઇ ગયા ગેટની માંહી. પીઠાનું૦
એક ભાઇબંધ જ્યારે નાસીને આવ્યો
પૂછવા લાગી એની બાઇ
રૂપીઆ આપો ને હાંસડી આપો
છોડવી લાવું મારો ભાઇ. પીઠાનું૦

જાણુસો વેચીને વકીલ કર્યો પણ
એનું વળ્યું ના કાંઇ,
બાઇબંધ પહોંચ્યા સાબરમતી ને
ઘેરી બીજાને ગઇ. પીઠાનું૦
વલ્લભભાઇ તો એમ કરી કહે છે
દારૂ પીશો ના કોઇ,
દારૂ પીનારના બેહાલ થયેલા
નજરે જોયા મારા ભાઇ. પીઠાનું૦

નાનુભાઇ

## દારૂ તારો હંતાડ

દારૂવાળા દારૂ દારૂવાળા દારૂ તારો હંતાડ !
પીવો નથી કોઇએ ગાંધીજીના રાજમાં.
આહ કર ખાવા એ તારો વેપાર,
પીવો નથી કોઇએ ગાંધીજીના રાજમાં. દારૂવાળા૦
તારો દારૂ તો કાતીલ ઝેરરે,
એણે વાળ્યો છે કાળો કેરરે,
ઘેર છોર્યાં ભૂખે મરી જાય. દારૂવાળા૦
એનાં શીશાને પેટીયું કાઢીએ,
બાર બજારની રાખ બનાવીએ,
પીને પડી રહીએ એક વાર. દારૂવાળા૦
ગાંધી બાપુની શીખ અમે માનશું,
અમે ચોખ્ખા મનથી આજ માલશું,
ગણશું દારૂ તાડીને હરામ. દારૂવાળા૦

# એવોય અવસર આવશે-

(૧)

એવો ય અવસર આવશે;
ફેડી જુલમશાહી, સુભટ કમનીય કુંજ ખીલાવશે-એવો.

(૨)

ફૂલવાડી-પેંધા વાનરોને ફાગ-રંગે રોળશું
સ્વાધીન ભારતબાગ થઇ ફૂલડે વસન્ત પધારશે.-એવો.

(૩)

મા છોડતી અમ સાથ કર કાતિલ ઓ ખંજર! વથા
અમ વજ્રબાહુ, જુલ્મ પ્રતિ ક્યારે કહી દે ફાવશે?-એવો.

(૪)

જુદી થતી આ ઝિગરથી દર્દે-વતનની દિલ્લગી!
ના ખબર, દરગાહે જતાં તુજ મિલન કોણ કરાવશે!-એવો.

(૫)

આ કતલખાનું કારમું, 'ઇન્સાફ' વંચાશે તહીં!
અમ દેશની ઇજ્જત તણો 'કા' શો નતીજો લાવશે!-એવો.

(૬)

યશ ઉજ્જવળો દિન આવશે-આફતાબ એવો ઉગશે-
સ્વાતંત્ર્યનું શાસન, ભૂતળ-નામ આપણુંય કહાવશે.-એવો.

(૭)

ને તે સહુ સાચ્ચા શહીદોના સ્મરણસ્થંભો -સ્થળે.
યાત્રાર્થી આવી, વીરપૂજનથી જીવન બહલાવશે.-એવો.

કેશવ હ. શેઠ

## રામબાણ

રામબાણ વાગ્યાં હોય તે જાણે (૨). ધ્રુવ
ધ્રુવને વાગ્યા; પ્રહ્લાદને વાગ્યા
હરી બેઠા ઠેકાણે,
ગર્ભવાસમાં શુકદેવજીને વાગ્યાં.
વેદ વચન પરમાણે.
મોરધ્વજ રાજાનાં મન હરી લેવાં
વ્હાલો પધાર્યા તે ઠામે:
કાશીએ જઇને કરવત મેલાવ્યાં,
પુત્ર પત્ની બેઉ તાણે.
બાઇ મીરાં ઉપર ક્રોધ કરીને
રાણો ખડગ લેઇ તાણે:
ઝેરના પ્યાલા ગિરધરલાલે
અમૃત કર્યાં એવે ટાણે.
નરસિંહ મહેતાની હુંડી સ્વીકારી.
એપ હરી ખરે ટાણે.
અનેક ભકતોને એણે ઉગાર્યાં.
ધનો ભગત ઉર આણે.

## જબ્બર જુવાન

માતનું મિષ્ટ કરી પયપાન
　　　　મહા હું જબ્બર થૈશ જુવાન;
તાતનું પામી જય-વરદાન
　　　　મહા હું જબ્બર થૈશ જુવાન.

અશ્વપીઠ પર બેસી અક્કડ
　　　　અચ્છો બનું અસવાર
લગામ પકડી તબડક તબડક
　　　　પહોંચું દુનિયા પાર
ફેરવું ભારત દેશની આણ;
　　　　મહા હું જબ્બર થૈશ જુવાન.

આ મુજ દેશ-ધ્વજ ઉપાડી
　　　　જઇ ઘર ઘર થોભું;
સહુ વચ્ચે ફરકાવી અદ્ધર
　　　　સૈનિક થઇ શોભું;
ઝમચાવું ઘોર ઘણું ઘમસાણ;
　　　　મહા હું જબ્બર થૈશ જુવાન.

આગળ બાજા નૃત્ય કરંતે
　　　　ભરીશ એક સલામ,
ઝાડ પાન સહુ પશુ પંખી–
　　　　ને નમશે લોક તમામ;

અને આ અરપું મારા પ્રાણ
મહા હું જબ્બર થૈશ જુવાન.

માતનું પૂર્ણ કરી પયપાન
મહા હું જબ્બર થૈશ જુવાન.

તાતનું પામી જય—વરદાન
મહા હું જબ્બર થૈશ જુવાન.

(વીણામાંથી) શ્રી દેશળજી પરમાર.

## આગે ! આગે !

આગે આગે—બઢ હવે તું આગે
શૂરા સિપાહી આગે !

દિશા સર્વે ગાજે—તારે જયનાદે આજે
શૂર સિપાહી ! બઢ હવે તું આગે !

આગે ! આગે ! આગે !
અરદ સર્વે આગે !

સાગર પેલો ગહન ઘેરો મસ્ત ભીષણ ગાજે !
હણવી એ તે ઘોર ધુમ્મસી ભોમ ભવ્ય માગે !
શૂર સિપાહી આગે !
ઓ તું ધીર ડગ આગે !

NATIONAL LIBRARY
No. 3117
28.3.72
GOVT. OF INDIA

આગે ! આગે ! આગે !
જવાંમર્દ આગે !
રૂદ્ર બની ઉભો ત્યાં પેલો
કરાળ કાળ ધારે !
દેજે તું તેને તારું હૈયું ફોડી
વિજય-સ્મિતે અરે ! તારે સ્નિગ્ધ સ્મિતે-
રૂધિર તારૂં જાતે !
શૂર સિપાહી આગે !
આગે ! આગે ! આગે !
નીડર વીર ! આગે !
હવે કદમ ફરે ન પાછા હવે ડગ પાછાં ન છાજે !
ચાહે વિજય- ચાહે મૃત્યુ હવે કદમ બઢે આગે !
શૂર સિપાહી ! આગે !
આગે ! આગે ! આગે !
શૂર સિપાહી ! આગે !

સ્નેહરશ્મિ

ગાંડીવ એટલે બાળસાહિત્ય
સર્વત્ર વખણાયલું-સુંદર અને સરળ.
મંગાવો ને તમારા બાળકોને વંચાવો.

સુગંધીદાર વસાણા નાંખી બનાવેલા

# ધુપેલના વાના

કપડામાં સુકવાના વાનાની પડીઓ, સૂરજ છાપ કેસર
દરેક જાતના સુગંધીદાર તેલો, અત્તરો, કસ્તુરી, અંબર, બરાસ,
ચોખ્ખું સુખડનું તેલ, જનોઈ, રૂદ્રાક્ષ, તેમજ સુખડની માળા મળશે

**ચોખ્ખા ધુપેલ તેલના જાણીતા વેપારી**

**સરૈયા બ્રધર્સ જૈની—બરાનપુરી ભાગળ—સુરત.**

# ગાંડીવ રેંટીઓ

જેને માટે સ્વ. મગનલાલ ખુશાલચંદ ગાંધી તા. ૫–૪–૧૯૨૧ ના નવજીવનમાં લખી ગયા છે કે–" કોઈ ઘર રેંટીઆ વગર ખાલી ન રહે એવી સ્થિતિ લાવવામાં આ રેંટીઓ પુરણી કરે તેવો છે. એથી સ્વદેશી સાધ્ય કરવાની સહેલાઇ વધે તેમ છે. ગાંડીવ રેંટીઓ (૧) દરેક વીદ્યાર્થીને કાંતતા કરી દેવામાં ઉપયોગી છે (૨) ખીંટીએ લટકાવી દેવા જેવો હોવાથી મોટાં શહેરોના નાનાં ઘરોમાં પણ તે સમાય તેવો છે. શહેરવાસીઓને પોતાની બચતી મીનીટો કામે લગાડવામાં ઉપયોગી છે. મુસાફરીમાં પણ તે સ્હેલાઇથી સાથે રાખી શકાય તેવો હોવાથી પ્રવાસીને પણ ઉપયોગી છે."

છેલ્લી ઢબના સુધારા સાથેની કિં. રૂ. ૧॥= પેકીંગ ૧ રેંટીઆનું ૧૦ આના, બે રેંટીઆનું ૧૨ આના. પોસ્ટેજ ૦।.

લખો–ગાંડીવ પ્રેસ, કેળાંપીઠ, સુરત.

# ક્રાન્તિની ભૂખ

હિન્દને આજે ક્રાન્તિની ભૂખ જાગી છે. ગુજરાતમાં ક્રાન્તિનું–હિંદના ઈતિહાસનું સાહિત્ય બહાર પાડવાની પહેલ ગાંડીવે કરી છે. હજુયે ગાંડીવનાં પ્રકાશનો અનોખાંજ છે. ક્રાન્તિ સાહિત્યના શોખીનોએ એ ચોપડીઓ વસાવીને, કે પછી લાયબ્રેરીમાંથી લાવીને ગમે ત્યાંથી પણ વાંચવીજ જોઈએ. જેની શક્તિ પહોંચે તે તો વસાવેજ અને સાથે સાથે અનેકને વંચાવે

| | | |
|---|---|---|
| ૧ | બોમ્બયુગનું બંગાળા તથા કાળાપાણીની કથાનો સટ | રૂા. ૨॥ |
| ૨ | હાય, આસામ! | ૧ |
| ૩ | કલકત્તાનો કારાયુગ | ૧। |
| ૪ | પંજાબનું પ્રચંડ કાવતરૂં | ૧॥ |
| ૫ | આનંદમઠ | ૧॥ |
| ૬ | દેવી ચૌધરાણી | ૧॥ |
| ૭ | બલિદાન | ૦।– |
| ૮ | બંગાળાનો બળવો | ૧॥ |
| ૯ | કાળું ગુલાબ (હોલાંડની ક્રાન્તિનું એક ચિત્ર) | ૧॥ |
| ૧૦ | નિહિલિસ્ટોના પંજામાં | ૦॥। |

આ જે જ વાં ચ વા નો નિ શ્ચ ય ક રો

ગાંડીવ સાહિત્ય મંદિર સુરત